Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતની ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

# વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 36 • Dt. 02-06-2025 • Monday • Rs.5-00 • • Page-4

### પૂર-ભૂસ્ખલનને કારણે મૃત્યુઆંક ૨૫

# સિક્કિમ સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં મુશળધાર વરસાદ

## મિઝોરમ, અસમ, મણિપુરથી લઈને ત્રિપુરા અને અરૂણાચલ સુધીના રાજ્યોમાં વરસાદના કારણે ક્યાંક ભૂસ્ખલન



નવી દિલ્હી

દેશમાં નેઋત્યના ચોમાસાએ સમય પહેલાં પ્રવેશ કરી દક્ષિણ ભારતમાં ભારે તોફાન મચાવ્યું હતું. હવે પૂર્વોત્તર ભારતમાં વરસાદે ભારે વિનાશ કર્યો છે. મિઝોરમ, અસમ, મણિપુરથી લઈને ત્રિપુરા અને અરૂણાચલ પ્રદેશ સુધીના રાજ્યોમાં વરસાદના કારણે ક્યાંક ભૂસ્ખલન થયું છે તો ક્યાંક ફલેશ ફલડ આવ્યું છે. આ વિસ્તારમાં વરસાદ સંબંધિત ઘટનાઓના કારણે ૨૫ લોકોનાં મોત નીપજ્યાં છે.

પૂર્વોત્તર ભારતમાં મુશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં રસ્તા તૂટી ગયા છે અને ભૂસ્ખલન તથા ફલેશ ફલડના કારણે અનેક મકાનો તૂટી પડયા છે, જેના પગલે ૧૨૦૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે અને સેંકડો લોકો વિવિધ સ્થળો પર ફસાયા હોવાની આશંકા છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં વધુ ભયાનક વરસાદની ચેતવણી આપી છે.

અરૂણાચલ પ્રદેશમાં ભૂસ્ખળનના કારણે નવ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજ્યના અનેક ભાગમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. એનએચ ૧૩ પર અચાનક ભૂસ્ખલનના કારણે એક વાહન તણાઈ ગયું હતું, જેથી તેમાં સાત લોકોનાં મોત નીપજ્યાં હતા. સરકારે લોકોને રાતના સમયે પ્રવાસ નહીં કરવા સલાહ આપી છે.

ત્રિપુરામાં પણ મૂશળધાર વરસાદ અને આંધીના કારણે અનેક ઘરોને નુકસાન થયું હતું. આસામની રાજધાની ગુવાહાટીમાં ભૂસ્ખલનને કારણે અનેક ઘર લપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં પાંચ લોકો મૃત્યુ પામી ગયા હતા. જેમાં એક જ પરિવારના ત્રણ લોકો પણ સામેલ છે. આ સિવાય ગોલાઘાટ જિલ્લામાં બે અને લખીમપુરમાં એક વ્યક્તિ મૃત્યુ પામી હતી.

અગરતલામાં હાવડા નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે. ત્રિપુરામાં એક વ્યક્તિનું ડૂબી જવાથી મોત થયું હોવાના સમાચાર છે. અનેક સ્થળો પર વૃક્ષો તૂટી પડતા રસ્તામાં અવરોધો ઊભા થઈ ગયા છે.

મણિપુરમાં પણ નદીઓ જોખમના સ્તરથી ઉપર વહી રહી છે. ઈમ્ફાલ પૂર્વમાં અનેક વિસ્તાર પૂરના પાણીમાં ડૂબી ગયા છે. ઈમ્ફાલના પશ્ચિમ જિલ્લામાં ૧૯૭.૮ મીમી વરસાદ નોંધાયો હતો. આસામમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં છ જિલ્લામાં મૂશળધાર વરસાદના કારણે ભૂસ્ખલન થતાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતા તથા ૧૦૦૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા હતા. હવામાન વિભાગે અનેક વિસ્તારોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરી છે. દરમિયાન રાજસ્થાનમાં અનેક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ થયો હતો, જેના પગલે નૌતપાના સમયમાં પણ સ્થાનિક લોકોને હીટવેવ અને ગરમીથી રાહત મળી છે. જો કે, જેસલમેરમાં તાપમાન ૪૩.૬ ડિગ્રી નોંધાયું હતું.

### CNG-PNGની કિંમતમાં થઈ શકે છે ઘટાડો

# સરકારે બે વર્ષમાં પહેલીવાર ઘટાડ્યા APMના ભાવ

## ક્રૂડ ઓઈલના સતત ઘટી રહેલા ભાવોને પગલે નિર્ણય

નવી દિલ્હી

ટૂંક સમયમાં વાહનોમાં વપરાતા **CNG** અને રાંધણ ગેસ **PNG**ના ભાવમાં ઘટાડો થઈ શકે છે. સરકારે બે વર્ષમાં પહેલી વાર **CNG** અને **PNG**ના ઉત્પાદનમાં વપરાતા નેચરલ ગેસના ભાવ ઘટાડ્યા છે. ક્રૂડ ઓઈલના સતત ઘટી રહેલા ભાવોને ધ્યાનમાં લેતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ **(PPAC)** દ્વારા **ONGC**ને ફાળવવામાં આવતાં જૂના ક્ષેત્રોમાંથી નેચરલ ગેસનો ભાવ **$6.75**થી ઘટી **$6. 41** પ્રતિ મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ **(MMBTU)** કરવામાં આવ્યો છે.**APM** ના ભાવ માટે એક નવી ફોર્મ્યુલા લાગુ કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૩માં સરકારે નેચરલ ગેસના ભાવ માટે નવું ફોર્મ્યુલા લાગુ કર્યા પછી આ પહેલો ઘટાડો છે. જેથી ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ, મહાનગર ગેસ લિમિટેડ અને અદાણી ટોટલ ગેસ લિમિટેડ જેવા શહેરી ગેસ રિટેલર્સનો બોજો ઘટશે. ઉત્પાદન ખર્ચ વધુ પડતો હોવાથી આ કંપનીઓના માર્જિનમાં પ્રેશર જોવા મળતું હતું. એપ્રિલ ૨૦૨૩માં, કેન્દ્રીય મંત્રીમંડળે એક નિષ્ણાત સમિતિના અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે, જૂના ક્ષેત્રોમાંથી મળતાં નેચરલ ગેસના ભાવની થતી ગણતરીને **Administered Price Mechanism (APM)** તરીકે ઓળખવામાં આવે છે. નવી ફોર્મ્યુલામાં માસિક ધોરણે ક્રૂડ ઓઈલના માસિક સરેરાશ આયાત ભાવના ૧૦ ટકા નક્કી કરવામાં આવશે.

જેમાં પ્રતિ મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ માટે ઓછામાં ઓછી ચાર ડોલર અને મહત્તમ ૬.૫ ડોલરની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. મહત્તમ ભાવ બે વર્ષ સુધી યથાવત રહેવાનો હતો અને ત્યારબાદ દર વર્ષે ૦.૨૫ ડોલરના દરે વધારો થવાનો હતો. તે મુજબ, એપ્રિલમાં મહત્તમ ભાવ પ્રતિ યુનિટ ૬.૭૫ ડોલર સુધી વધ્યો છે.

ગયા અઠવાડિયે ક્રૂડ ઓઈલ ઘટાડા સાથે બંધ રહ્યું હતું. ક્રૂડ ઓઈલ **WTI** ફ્યુચર્સ ૦.૨૫ ટકા અથવા **$0.15** ઘટીને **$60.79** પ્રતિ ઔંસ પર બંધ રહ્યું હતું. બ્રેન્ટ ઓઈલનો ભાવ ૦.૯૦ ટકા અથવા **$0.57** ઘટીને **$62.78** પ્રતિ ઔંસ નોંધાયો હતો.

# છેલ્લા ૨૪ કલાકમાં ૬૮૪ નવા કેસ, ચાર દર્દીનાં મોત

નવી દિલ્હી

દેશભરમાં કોરોનાના કેસમાં ફરી સતત વધારો જોવા મળી રહ્યો છે, જેણે સરકાર અને નાગરિકોની ચિંતા વધારી દીધી છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૮૪ કેસ સામે આવ્યા છે તથા ચાર લોકોનાં મોત થયા છે.

આ સાથે કુલ કેસ ૩૩૯૫ થયા છે જ્યારે કોરોનાથી કુલ ૨૨થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે. દેશમાં કોરોનાના સૌથી વધુ કેસ કેરળમાં નોંધાયા છે, જ્યાં ૨૪ કલાકમાં નવા ૧૮૯ કેસ સાથે કુલ ૧૩૩૬ કેસ નોંધાયા છે.

સરકારે કહ્યું છે કે ગભરાવાની જરૂર નથી, માત્ર લોકોએ સાવચેતી રાખવી જરૂરી છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે ૩૧ મેના રોજ કોરોનાના આંકડા જાહેર કર્યા હતા, જે મુજબ કોરોનાના કુલ એક્ટિવ કેસની સંખ્યા વધીને ૩૩૯૫ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં જ ૬૮૫ નવા કેસ સામે આવ્યા છે જ્યારે કોરોનાથી ચાર લોકોનાં મોત નીપજ્યાં છે, જેમાં છત્તીસગઢ, કર્ણાટક, કેરળ અને ઉત્તર પ્રદેશમાં એક-એક દર્દીનાં મોત થયા છે. બીજીબાજુ કોરોનાના ૧૪૩૫ દર્દીએ સાજા થઈ જતા હોસ્પિટલમાંથી રજા લીધી છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે બધા જ રાજ્યોને એલર્ટ રહેવા અને ટેસ્ટિંગ વધારવા માટે નિર્દેશ આપ્યા છે. નાગરિકોને પણ હળવા લક્ષણ પણ દેખાય તો તુરંત તપાસ કરાવવા અને જરૂરી સાવચેતીઓનું પાલન કરવા નિર્દેશ આપ્યા છે.

કર્ણાટક સરકારે કોરોનાના કેસમાં થઈ રહેલા વધારા અને સ્કૂલો ફરીથી શરૂ થવાના સંદર્ભમાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગે સર્ક્યુલર જાહેર કરીને બધા જ વાલીઓને તેમના સંતાનોને તાવ, ઉધરસ, ખાંસી અથવા કોવિડ સંબંધિત અન્ય લક્ષણ જોવા મળે તો તેમને સ્કૂલ નહીં મોકલવા વિનંતી કરી છે.

કોરોનાના કેસોમાં અચાનક આવેલા આ વધારા માટે આ બંને વેરિઅન્ટને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

## તંત્રીની કલમે.................

# ટ્રમ્પની વક્રદષ્ટિ


Editor- Nilay H. Mehta

પોતાના ભેજાંગેપ નિર્ણયો અને ટેરિફ વોરથી તમામ અર્થવ્યવસ્થાઓને હચમચાવી દેનારા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની વક્રદષ્ટિ હવે અમેરિકાની પ્રખ્યાત યુનિવર્સિટીઓ પર પણ પડી છે. દુનિયાનું સૌથી જૂનું લોકતંત્ર હોવાનો દંભ રાખતા અમેરિકામાં યુનિવર્સિટી પરિસરોમાં લોકતાંત્રિક અભિવ્યક્તિનું ગળું ઘોંટવામાં આવી રહ્યું છે. હવે અમેરિકામાં ઉચ્ચ શિક્ષણનું સપનું જોનારા ભારત અને દુનિયાના તમામ દેશોના છાત્રો માટે ટ્રમ્પ પ્રશાસને મુશ્કેલીઓ ઊભી કરી દીધી છે. હાલના દિવસોમાં પ્રતિષ્ઠિત હાર્વર્ડ યુનિવર્સિટી પર મનમાફક નિર્ણયો થોપવા અને કેટલાય પ્રતિબંધો લગાવવામાં આવ્યા, જે યુનિવર્સિટીઓના પરિસરોમાં અભિવ્યક્તિની આઝાદી પર લગામ કસવાની જ કવાયત હતી. દલીલ કરવામાં આવી કે પેલેસ્ટાઈનનું સમર્થન કરનારા છાત્ર-છાત્રાઓની સૂચના ટ્રમ્પ પ્રશાસનને આપવામાં આવે. આ જ પ્રતિબંધો બાદ હવે ટ્રમ્પ સરકારે દુનિયાભરના પોતાના દૂતાવાસોને સ્ટુડન્ટ વિઝા પ્રક્રિયા બંધ કરવાના આદેશ કર્યા છે. ટ્રમ્પ સરકારની દલીલ છે કે પહેલાં આવેદક છાત્રોના સોશ્યલ મીડિયા એકાઉન્ટની ઊંડી તપ ાસ કરવામાં આવશે. આ યોજના પર કામ ચાલી રહ્યું છે. અસલમાં અમેરિકી સરકાર દ્વારા સ્ટુડન્ટ વિઝા માટે આવેદન કરારા છાત્રોની સોશ્યલ મીડિયા ગતિવિધિઓની ગહન તપાસ કરવામાં આવશે. આ નિર્ણયથી ભારત સહિત કેટલાય દેશોના વિદ્યાર્થીઓને અમેરિકી યુનિવર્સિટીઓમાં ભણવાના સપનાં તૂટી શકે છે.

અમેરિકી સરકાર તેના માધ્યમથી એ વિદ્યાર્થીઓની અરજીઓ નકારવાની તૈયારીમાં છે જેમના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં ટ્રમ્પ કે અમેરિકી નીતિઓની ટીકા કરતી સામગ્રી હશે. દેખીતું છે કે એવા છાત્રોને અમેરિકાની યુનિવર્સિટીઓમાં એડમિશન નહીં આપવામાં આવે. એક અનુમાન અનુસાર ૨૦૨૩-૨૪માં લગભગ ત્રણ લાખથી વધારે ભારતીય છાત્ર અધ્યયનરત હતા. પોતાનાં સપનાં પૂરાં કરવા માટે હજારો ભારતીય પ્રતિભાઓ દર વર્ષે અમેરિકા જાય છે. અમેરિકાના આ નિર્ણયથી એ છાત્રોને મુશ્કેલી થશે જેઓ આ વર્ષે ઓગસ્ટથી શરૂ થનારા સત્રનો હિસ્સો બનવા માગતા હતા. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ પ્રશાસને અમેરિકી યુનિવર્સટીઓમાં પહેલેથી ભણી રહેલા સેંકડો છાત્રોના વિઝા એ આરોપ બાદ રદ કરી દેવાયા જેમણે ઈઝરાયલ વિરોધી આંદોલનમાં ભાગ લીધો હતો. તેમાં એ છાત્ર પણ સામેલ હતા, જેમણે પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર પેલેસ્ટાઈનના પક્ષમાં પોસ્ટ મૂકી હતી. સરકારની દલીલ હતી કે આ છાત્રોને શિક્ષણ માટે વિઝા આપ્યા હતા, નહીં કે રાજકીય મુદ્દાઓમાં સક્રિયતા માટે. કેટલાય ભારતીય વિદ્યાર્થીઓ પણ આ નિર્ણયની ઝપટમાં આવ્યા છે. વિઝા પર સખ્તાઈ ઉપરાંત પહેલેથી અમેરિકામાં ભણતા છાત્રો માટે નિયમ સખત કરવામાં આવી રહ્યા છે. ત્યાં સુધી ચેતવણી આપવામાં આવી છે કે નિયમિત હાજરી નહીં આપનારા ડ્રોપ આઉટનો વિકલ્પ પસંદ કરનારા છાત્રોના વિઝા પણ રદ કરી શકાય છે. તેમણે પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં અમેરિકી નીતિઓની ટીકા કરવાથી બચવાની સલાહ આપવામાં આવી છે. દલીલ કરાઈ રહી છે કે રાષ્ટ્રીય સુરક્ષાને ખતરામાં મૂકનારી પોસ્ટ સોશ્યલ મીડિયા પર મૂકવા પર સખત કાર્યવાહી કરવામાં આવશે. જોકે ટ્રમ્પના આવા નિર્ણયોનો વિરોધ ખુદ અમેરિકામાં પણ થઈ રહ્યો છે.


સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### ત્રણ વ્યક્તિઓને ઈજા પણ થઈ હતી

# અમદાવાદ શહેરમાં નશામાં ધૂત કોન્સ્ટેબલે ગાડીથી લોકોને કચડ્યા

## અમદાવાદના રાણીપ વિસ્તારમાં પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલે નશામાં વાહન હંકારીને અકસ્માત સર્જ્યો હતો

અમદાવાદ

હમણાં ઘણા સમયથી દરરોજ ખાખી પર સવાલો કરતી ઘટનાઓ સામે આવી રહી છે. વડોદરા, અમરેલી, અમદાવાદ સહિતના શહેરોમાં પોલીસકર્મીઓના કાંડ સામે આવી રહ્યા છે. ત્યારે ફરી એક વખત ખાખી પર ઘાડ લાગે તેવી ઘટના અમદાવાદથી સામે આવી છે. રાણીપ વિસ્તારમાં બકરા મંડી નજીક એક પોલીસ કોન્સ્ટેબલે નશાની હાલતમાં વાહન ચલાવી અકસ્માત સર્જ્યો હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં પોલીસ કોન્સ્ટેબલ યુવરાજસિંહ વાઘેલા, જે માધુપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે, તેણે ગઈ રાત્રે નશામાં વાહન હંકારીને અકસ્માત સર્જ્યો હતો. આ પોલીસકર્મીએ નશાની હાલતમાં બે થી ત્રણ વાહનોને અડફેટે



લીધા હતા, જેમાં એક લારી અને ટુ-વ્હીલરનો સમાવેશ થાય છે. આ અકસ્માત એટલો ગંભીર હતો કે, લારીમાં ટક્કર લાગતા જ નજીકના ઘરમાં ઘૂસી ગઈ હતી, જેના કારણે આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનામાં ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો અને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, પોલીસ કોન્સ્ટેબલ નશાની હાલતમાં હોવાનું સ્પષ્ટ દેખાતું હતું, જેના કારણે તેણે વાહન પર નિયંત્રણ ગુમાવ્યું હતું. આ ઘટનાએ પોલીસ વિભાગની કામગીરી અને શિસ્ત પર પણ સવાલો ઉભા કર્યા છે.

એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે અને આરોપી કોન્સ્ટેબલ યુવરાજસિંહ વાઘેલા સામે કાર્યવાહી કરવાની તૈયારી શરૂ કરી છે. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકઠા કર્યા છે અને સાક્ષીઓના નિવેદનો નોંધી રહી છે. આ ઘટનાએ શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે, અને લોકો પોલીસ વિભાગ પાસેથી કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. આવા બનાવો ટાળવા માટે ટ્રાફિક નિયમોનું કડક પાલન અને પોલીસકર્મીઓની જવાબદારી પર ભાર મૂકવાની જરૂર છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને.

### રજિસ્ટ્રેશન ફીમાં કરાયો વધારો

# અમદાવાદ શહેરમાં પાળતૂ શ્વાન રાખવું મોંઘું પડશે

## AMC એ પેટ ડોગ રજિસ્ટ્રેશન ફીમાં ૩૦૦ રૂપિયાનો વધારો કર્યો હતો, સાથે જ રજિસ્ટ્રેનનો સમય પણ લંબાવ્યો




અમદાવાદ

અમદાવાદમાં હવે પાળતૂ શ્વાન માટેના નિયમો વધુ આકરા બનાવવામાં આવ્યા છે. સાથે જ હવે અમદાવાદ કોર્પોરેશન દ્વારા પાળતૂ શ્વાનની રજિસ્ટ્રેશન ફીમાં વધારો કરવામાં આવ્યો છે. પેટ ડોગ રજિસ્ટ્રેશન ફી ૨૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં પાળતૂ શ્વાનનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જે લોકો ઘરમાં પેટ ડોગ રાખે છે, તેઓએ અમદાવાદ કોર્પોરેશનમાં રજિસ્ટ્રેશન પ્રોસેસ કરાવવી જરૂરી છે. ત્યારે અમદાવાદ કોર્પોરેશન દ્વારા પેટ ડોગ રજિસ્ટ્રેશન ફીમાં વધારો કરવામાં આવ્યો છે.

અત્યાર સુધી રજિસ્ટ્રેશન ચાર્જ તરીકે ૨૦૦ રૂપિયા વસૂલાતા હતા, જેને બદલે હવે ૫૦૦ રૂપિયા ફી રાખવામાં આવી છે. અમદાવાદ કોર્પોરેશન દ્વારા ૩૧ મે સુધીમાં પેટ ડોગનું રજિસ્ટ્રેશન કરવાની અંતિમ તારીખ હતી. ૩૧ મે સુધી અમદાવાદમાં ૧૫,૫૦૪ પેટ ડોગનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. ૩૧ મે સુધીમાં પાલતુ શ્વાનની નોંધણી ન કરનાર માલિકોના પાણી અને ગટર કનેક્શન કાપી નાખવામાં આવશે. આ નિર્ણય શ્વાન માલિકોને ફરજિયાત નોંધણી કરાવવા માટે ગંભીરતાથી વિચારવા મજબૂર કરશે.

આ નિયમનો ભંગ કરનાર પેટ ડોગ માલિકો માટે **AMC** દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. આ નિયમનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરમાં પાલતુ શ્વાનોની ગણતરી રાખવાનો, તેમની આરોગ્ય સ્થિતિ પર નજર રાખવાનો અને રખડતા શ્વાનોના પ્રશ્નને અંકુશમાં લેવામાં મદદ કરવાનો છે.

શહેરીજનોને અપીલ કરવામાં આવે છે કે તેઓ સમયસર પોતાના પાલતુ શ્વાનનું રજિસ્ટ્રેશન કરાવીને દંડથી બચી શકે છે.

### અનાજના જથ્થાના ઉપાડ, વળતર, e-KYC મુદ્દે મડાગાંઠ

# સસ્તા અનાજના દૂકાનદારો- સંચાલકો હડતાલ પર ઉતર્યા

## સરકાર સામે વિવિધ પ્રશ્નો અને માંગણીઓને મુદ્દે રાશન દુકાનોમાં અનાજ વિતરણ ન કરવા નિર્ણય લેવાયો હતો



અમદાવાદ

અનાજના જથ્થાના ઉપાડ, વળતર અને e-KYC મુદ્દે સર્જાયેલી મડાગાંઠને પગલે ગુજરાતના સસ્તા અનાજના દૂકાનદારો- સંચાલકોએ રવિવારથી શટડાઉન કરીને હડતાલ પર ઉતરવાનુ જાહેર કર્યુ છે.ગુજરાત ફેર પ્રાઈસ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનની આજે બેઠક મળી હતી.

જેમાં સરકાર સામે વિવિધ પ્રશ્નો અને માંગણીઓને મુદ્દે ૧ જુનથી રાશન દુકોમાં અનાજ વિતરણ ન કરવાનો નિર્ણય લેવાયો છે. બીજી તરફ રેશનિંગની દૂકાનો બંધ ન રહે તેના માટે રાજ્યના અન્ન- નાગરીક પુરવઠા વિભાગે અત્યાર સુધીમાં ૮૫ ટકાથી વધારે NFSA રેશનકાર્ડ ધારકોએ e-KYC પૂર્ણ કર્યું હોવાના દાવા સાથે બાકી રહેલા રેશનકાર્ડ હોલ્ડરોને ઘરે બેઠા આ પ્રક્રિયા પૂર્ણ કરી લેવા અપીલ કરી છે. તેમણે વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારનો વિભાગ ફકત છાપામાં જાહેરાત આપે એ કેટલે અંશે યોગ્ય કહેવાય. દુકાનદારોને દબાણ કરવાથી EKYC પૂર્ણ નહીં થાય. અમે આ સામે કોર્ટમાં જઈને લડવા માટે પણ તૈયાર છીએ. રાજ્ય સરકાર EKYC પ્રક્રિયા ૧૦૦% પૂર્ણ નહીં કરે તો ૧ જૂનથી વિતરણ વ્યવસ્થા બંધ કરીશું. દુકાનદારોને મળતા ૨૦ હજાર કમિશન અંગે પણ પદ્ધતિ સરકાર બદલે. સરકારનો દાવો છે કે, જરૂરીયાતમંદ નાગરિકોને અનાજનો જથ્થો સમયસર મળી રહે તે માટે KYC અનિવાર્ય છે. જેનાથી સાચા શકે.

આ દિશામાં જ ભારત સરકારે નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ- NFSA હેઠળ e-KYC કરવા રાજ્યોને સુચના આપી છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮૫ ટકાથી વધુ રેશનકાર્ડ ધારકોએ e-KYC પૂર્ણ કર્યુ છે. બાકી રહેતા નાગરિકો હવે ઘરે બેઠા માય રેશન એપ ઉપરાંત નજીક આવેલી મામલતદાર કચેરી કે ઝોનલ કચેરી કે પછી ગ્રામ પંચાયતમાં જઈને સત્વરે e-KYC કરાવી શકે છે. ઉલ્લેખનિય છે કે, સરકારના દાવા વચ્ચે પણ રેશનિંગની દૂકાનોના સંચાલકોએ રવિવારથી હડતાલ યથાવત રાખી છે અને આ લડતને આગળ વધારવા રવિવારે અમદાવાદમાં બેઠક પણ બોલાવી છે.

થોડા દિવસ પહેલા રેશનકાર્ડ દુકાનદારોની મહત્વની બેઠક મળી હતી. જેમાં ૧ જુનથી રાશન દુકાન ધારકો નહીં કરે અનાજ વિતરણ કરવાનો નિર્ણય લેવાયો છે. અમદાવાદના વસ્ત્રાલ ખાતે એક પાર્ટી પ્લોટમાં બેઠક મળી હતી. આ બેઠકમાં રેશન દુકાનદારો હાજર રહ્યા હતા. આ બેઠકમાં દુકાનદારોને પડતી વિવિધ મુદાઓને લઈને ચર્ચા થઈ હતી. બેઠક અંગે ફેર પ્રાઈસ શોપ એન્ડ કેરોસીન ડીલર્સ એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યું કે, EKYC ની પ્રક્રિયા પૂર્ણ કરવામાં રાજ્ય સરકાર નિષ્ફળ રહી છે. રાજ્ય સરકાર ખોટા આંકડા જાહેર કરી રહી છે. આધાર કાર્ડ અને મતગણતરી પ્રક્રિયા સરકાર જે રીતે કરે એ પ્રમાણે EKYC પણ કરવું જોઈતું હતું. ઘરે ઘરે જઈને રેશન કાર્ડની EKYC પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ.

# ઘરકંકાસના કારણે પતિએ પત્નીના માથામાં કોસ મારી હત્યા કરી

વડોદરા

વડોદરા નજીક આવેલા શ્રીપોર ટીંબીમાં સાસરીમાં રહેવા માટે આવેલા જમાઈએ પત્નીના માથામાં લોખંડની કોસ મારી કરપીણ હત્યા કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે આણંદ જિલ્લાના વહેરાખાડી ખાતે રહેતો પુનમ બેચર મકવાણા તેની પત્ની સોનલ ઉર્ફે હિના (ઉ.વ.૩૫) તેમજ બે પુત્રો સાથે તા.૨૫ના રોજ વેકેશન હોવાથી વાઘોડિયા તાલુકાના શ્રીપોર ટીબી નવીનગરીમાં સાસરીમાં રહેવા માટે આવ્યા હતાં. તા.૨૮ના રોજ પુનમે તેના સસરા મગન ચતુરભાઈ તડવીને હું મારા ઘેર જઈ પતરા ઠીક કરીને આવું છું તેમ કહી સવારે નીકળ્યા બાદ તે સાંજે પરત સાસરીમાં આવ્યો હતો.

દરમિયાન ગઈકાલે સાંજે ઘરની પાછળના ભાગે નાવણીયું બનાવવા માટે મહેદીના ઝાડી ઝાંખરા લાવીને ગોઠવતા હતા ત્યારે પતિ અને પત્ની વચ્ચે ઘરના કામ અંગે ઝઘડો થતાં પુનમે નજીકમાં પડેલી લોખંડની કોસ તેની પત્ની સોનલના માથામાં મારતા તે સ્થળ પર ઢળી પડી હતી. તેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ લઈ જતા તેનું મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે વાઘોડિયા પીઆઈ પી.આર.જાડેજાએ હત્યાનો ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા પુનમ મકવાણાને ઝડપી પાડ્યો હતો.

### બે ગોલ્ડ અને બે સિલ્વર મેડલ જીત્યા

# ચાર વિદ્યાર્થિનીઓએ ઈન્ટરનેશનલ રીંગ ફાઈટમાં ગુજરાતનો ડંકો વગાડ્યો

## મહેસાણાની ચાર વિદ્યાર્થિનીઓએ હૈદરાબાદમાં યોજાયેલી ઈન્ટરનેશનલ રીંગ ફાઈટ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો

મહેસાણા

ઈન્ટરનેશનલ રીંગ ફાઈટ ચેમ્પિયનશિપનું પ્રથમ વખત આયોજન તેલંગાણામાં થયું હતું. જ્યાં મહેસાણાની ચાર વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આમાં બે વિદ્યાર્થિનીએ ગોલ્ડ મેડલ અને બાકીની બે વિદ્યાર્થિનીએ સિલ્વર મેડલ જીતી વિજેતા બની છે. રીંગ ફાઈટ ફેડરેશન ઑફ ઈન્ડિયા અને રીંગ ફાઈટ ફેડરેશન ઑફ તેલંગાણા દ્વારા આયોજિત ૧લં ઈન્ટરનેશનલ રીંગ ફાઈટ ચેમ્પિયનશિપ ૨૩ થી ૨૫ મે ૨૦૨૫ દરમિયાન હૈદરાબાદના ગવર્મેન્ટ કૉલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન ખાતે યોજાઈ હતી. જેમાં મહેસાણાની ચાર વિદ્યાર્થિનીઓ વિજેતા બનીને મહેસાણાનું અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.ઈન્ટરનેશનલ રીંગ ફાઈટ ચેમ્પિયનશિપમાં ભારત સહિત બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન અને શ્રીલંકા જેવા દેશોએ ભાગ લીધો હતો. ભારતમાંથી જુદા જુદા ૧૨ રાજ્યોના ખેલાડીઓએ પણ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કુલ ૩૮૦ જેટલા ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. મહેસાણાના ૪ ખેલાડીઓએ આ સ્પર્ધામાં મહેસાણા જિલ્લાનું, ગુજરાત રાજ્યનું અને ભારત દેશનું પ્રતિનિધિત્વ કરીને વિજય હાંસલ કર્યો હતો.

મહેસાણા શહેરની પટેલ પરી સુરેશભાઈ, જેમણે ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા પાસ કરી છે, તેમણે Under-19 વયજૂથના ૮૦ કિગ્રા વજનગ્રુપમાં ગોલ્ડ મેડલ મેળવી વિજેતા બની હતી. તેમજ પટેલ આભાબેન ઘનશ્યામભાઈ, જેમણે હાલ ધોરણ ૯ ની પરીક્ષા પાસ કરી છે, તેમણે Under-14 વયજૂથના ૩૩ કિગ્રા વજનગ્રુપમાં ગોલ્ડ મેડલ મેળવી વિજેતા બની હતી.

પટેલ જાનવી અલ્પેશભાઈ, જેમણે U-14 વય જૂથના ૫૩ કિગ્રા વજન જૂથમાં સિલ્વર મેડલ જીતી વિજેતા બની હતી, અને હાલમાં ધોરણ ૮ ની પરીક્ષા પાસ કરેલી છે. પટેલ યાના વિનોદભાઈ, જેમણે આ સમયે ધોરણ ૯ ની પરીક્ષા પાસ કરી છે, તેમણે U-17 વય જૂથના ૬૫ કિગ્રા વજન જૂથમાં સિલ્વર મેડલ સાથે વિજેતા બની હતી. વિજેતા પામેલા ખેલાડીઓને તેમના કોચ પાંચા ભાગ્યેશભાઈ, ગુજરાત રીંગ ફાઈટ રમતના જોઈન્ટ સેક્રેટરી તરુણભાઈ નિસાદ, અને ભારત વ્યાયામ મંદિરના મંત્રી જયંતભાઈ એચ. પટેલ દ્વારા શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ભાવનગરમાં મજૂરી કામ કરતા દંપતીની કરપીણ હત્યા

ભાવનગર,

ભાવનગર જિલ્લાના કનીવાવ ગામે ઈંટોના ભઠ્ઠામાં મજૂરી કામ કરતા દંપતીની કરપીણ હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે, મોડીરાત્રે પતિ-પત્ની વચ્ચેના ઝઘડાને શાંત પાડવા ગયેલા શખ્સને મૃતકે ધક્કો મારી ચાલ્યા જવાનું કહેતા આરોપીએ બંનેની હત્યા કરી હતી. અમિત નામના શખ્સે કુહાડીના ઘા ઝીંકી પતિ-પત્નીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જાણ થતાં એસપી, ડીવાયએસપી, એલસીબી, એસઓજી અને સિહોર પોલીસ કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો. તેમજ બંનેના મૃતદેહને પીએમ અર્થે ખસેડયો હતો અને આરોપી ત્યાં જ મળી આવતા તેની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સિહોરમા એક બેવડી હત્યાનો બનાવ સામે આવ્યો છે. ઘટના સિહોરના કનીવાવ ગામના સીમ વિસ્તારમાં ઈંટોના ભઠ્ઠા પર બની છે જેમાં મૂળ વતન નવસારીના રામુભાઈ અને લક્ષીબેન કનીવાવ ગામે ઈંટોના ભઠ્ઠા પર મજૂરી કામ કરતા હતા. રામુભાઈ અને લક્ષ્મીબેન વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા જેને લઈને સાથે કામ કરતો અમિત નામનો શખ્સ તેઓને ઝઘડો નહીં કરવા સમજાવવા ગયો હતો. જેના કારણે રામુભાઈએ ઉશ્કેરાઈ જઈને તેને વચ્ચે નહીં પડવાનું કહી અપશબ્દો બોલતા અમિત ઉશ્કેરાઈ ગયો હતો. અમિત ઉશ્કેરાઈને બાજુમાં પડેલી કુહાડીના આડેધડ ઘા ઝીંકી પતિ પત્નીની હત્યા કરી દીધી હતી. દારૂના નશામાં જ બંનેની હત્યા કરી અમિત પોતાની ઓરડીમાં જઈને ફરી નિશ્ચિન્ત બની સુઈ ગયો હતો. ઘટના અંગે જાણ થતાં ભાવનગર પોલીસ અધિક્ષક હર્ષદ પટેલ, ડીવાયએસપી, એલસીબી, એસઓજી અને સિહોર પોલીસ કાફલો સ્થળ પર ધસી ગયો હતો. તેમજ બંનેના મૃતદેહ પીએમ અર્થે મોકલી દીધા હતા.

### દૂધ ઉત્પાદન ક્ષેત્રે ભારત વિશ્વમાં પ્રથમ

# ગુજરાતે દૂધ ઉત્પાદનનો ડંકો વગાડ્યો કે વહાવી દૂધની નદીઓ

## ગુજરાત વાર્ષિક ૧૮ મિલિયન ટન દૂધ ઉત્પાદન સાથે ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ૭.૫ ટકા જેટલો ફાળો આપે છે

અમદાવાદ

ભારતનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૫.૭ ટકા, જ્યારે ગુજરાતનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૯.૨૬ ટકાના દરે તેજ ગતિએ વધ્યું. છેલ્લા બે દાયકામાં ગુજરાત દૂધ ઉત્પાદનમાં ૧૧.૮ મિલિયન ટનના અભૂતપૂર્વ વધારા સાથે દેશમાં ચોથા ક્રમે પહોંચ્યું. વૈશ્વિક ખોરાક તરીકે દૂધના મહત્વને ઉજાગર કરવા તેમજ ડેરી ઉદ્યોગને ટેકો આપવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૧લી જૂનને "વિશ્વ દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. અનેક પોષકતત્વો ધરાવતું દૂધ માત્ર પૌષ્ટિક આહાર જ નહિ, પરંતુ પશુપાલન અને ડેરી ઉદ્યોગ સાથે જોડાયેલા કરોડો લોકોની આજીવિકાનું મહત્વપૂર્ણ માધ્યમ પણ છે. આજે વિશ્વનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૨ (બે) ટકાના દરે વધી રહ્યું છે, જ્યારે ભારતનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૫.૭ ટકાના દરે તેજ ગતિએ વધી રહ્યું છે. ભારતની કુલ GDPમાં લગભગ ૪.૫ ટકા જેટલો ફાળો ડેરી ઉદ્યોગ ક્ષેત્રનો છે. ભારત વર્ષ ૧૯૯૮થી આજ દિન સુધી દૂધ ઉત્પાદન અને ડેરી વિકાસ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં સર્વપ્રથમ રહ્યું છે. ભારત દેશ વાર્ષિક ૨૩૯ મિલિયન ટન જેટલા દૂધ ઉત્પાદન સાથે વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં ૨૫ ટકા જેટલો ફાળો ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા કરાયેલી વિવિધ પહેલોના પરિણામે દર વર્ષે ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં તેજ ગતિએ વધારો થઈ રહ્યો છે. માત્ર છેલ્લા એક દાયકામાં જ દેશના દૂધ ઉત્પાદનમાં ૬૩ ટકા જેટલો વધારો નોંધાયો છે. આટલું જ નહિ, દેશમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા પણ છેલ્લા એક દાયકામાં ૪૮ ટકા વધીને આજે ૪૭૧ ગ્રામ પ્રતિ દિન થઈ છે. ગુજરાત પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પશુપાલન મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ આજે વાર્ષિક ૧૮ મિલિયન ટન દૂધ ઉત્પાદન સાથે ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ૭.૫ ટકા જેટલો ફાળો આપી રહ્યું છે. રાજ્ય સરકારના સફળ પ્રયાસોથી છેલ્લા બે દાયકામાં ગુજરાત દૂધ ઉત્પાદનમાં ૧૧.૮ મિલિયન ટનના અભૂતપૂર્વ વધારા સાથે દેશમાં ચોથા સ્થાને પહોંચ્યું છે. આ બે દાયકા દરમિયાન રાજ્યના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૯.૨૬ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે. આટલું જ નહિ, ગુજરાતમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા પણ છેલ્લા એક દાયકામાં ૩૮ ટકા વધીને આજે ૭૦૦ ગ્રામ પ્રતિ દિન થઈ છે. દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ મેળવવા માટે સારી નસલના પશુ, પશુઓનું સારું સ્વાસ્થ્ય અને સરકારની ઉત્તમ પશુ આરોગ્ય સેવાઓની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે



છે. એટલા માટે જ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે રાજ્યના પશુઓને ગુણવત્તાયુક્ત અને ઉત્તમ પશુ સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવાનો મક્કમ નિર્ધાર હતો. જેના પરિણામ સ્વરૂપે આજે રાજ્યમાં પશુ ચિકિત્સા-સારવારનું સુદ્રઢ માળખું ઉભું થયું છે. ગુજરાતના મહામૂલા પશુધન માટે હાલ રાજ્યમાં ૯૨૯ પશુ દવાખાના, ૫૫૨ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર, ૫૮૭ ફરતા પશુ દવાખાના, ૩૪ વિવિધલક્ષી પશુ ચિકિત્સાલય અને ૨૧ પશુ રોગ અન્વેષણ એકમો કાર્યરત છે. આ ઉપરાંત પશુઓને સારવાર-રસીકરણ સહિતની સેવાઓ પૂરી પાડવા માટે ગુજરાતમાં અત્યારે કુલ ૪,૨૭૬ પશુ ચિકિત્સકો (વેટરિનેરિયન) નોંધાયેલા છે. આ સુદ્રઢ પશુ આરોગ્ય માળખાના માધ્યમથી રાજ્યની પોણા ત્રણ કરોડ જેટલી પશુ સંપદાને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડીને રાજ્ય સરકાર 'દરેક જીવને અભયદાન'નો મંત્ર ખરા અર્થમાં સાર્થક કરી રહી છે. પશુઓની ઉત્તમ સારવાર ઉપરાંત પશુપાલકો દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ મેળવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા પશુ સંવર્ધનને પણ એટલું જ મહત્વ આપવામાં આવ્યું છે. ગુજરાતમાં સારી નસલના પશુઓની સંખ્યા વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને નજીવા દરે પશુઓમાં સેક્સ્ડ સીમેન ડોઝ આપવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે, જેનો સફળતા દર ૯૦ ટકાથી વધુ છે. એટલે કે, સેક્સ્ડ સીમેન ડોઝ બાદ ૯૦ ટકા પશુઓ વાછરડીને જન્મ આપે છે. આ ઉપરાંત પશુઓમાં થતા IVFના ખર્ચને પહોંચી વળવા સરકાર દ્વારા પશુપાલકોને સબસીડી આપવામાં આવી રહી છે. રાજ્ય સરકારના બહુલક્ષી પ્રયાસોના પરિણામે જ આજે ગુજરાતમાં ડેરી ઉદ્યોગ ખૂબ જ વિકસિત બન્યો છે .

### વિયેતનામથી આવેલી મહિલા નીકળી પૉઝિટીવ

# રાજકોટ કોરોના: આજે પાંચ નવા કેસો નોંધાતા લોકોમાં ફફડાટ

## ગુજરાતમાં કોરોના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે

રાજકોટ

દેશભરમાં કોરોના ઝડપથી પ્રસરી રહ્યો છે, ગુજરાતમાં પણ દર્દીઓની સંખ્યા વધી રહી છે. આજે રાજકોટમાં પાંચ નવા કેસ નોંધાતા ફફડાટ ફેલાયો છે. ગુજરાતમાં કોરોના વાયરસના ૬૮ થી કેસ નોંધાયા છે. રાજ્યમાં કુલ ૨૬૫ એક્ટિવ કેસ છે, જેમાંથી ૧૧ દર્દી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે, જ્યારે ૨૫૪ને હોમ આઈસોલેશનમાં રખાયા છે. બીજી તરફ આજે ૨૬ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જ કરાયા છે. જો કે, રાજ્યમાં કોરોનાથી એકપણ મોત થયું નથી. હવે આજે રાજકોટમાં પાંચ નવા કેસ નોંધાતા તંત્ર એક્ટિવ થઈ ગયુ છે. ગુજરાતમાં કોરોના કેસમાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે, અમદાવાદ, સુરત, વડોદરા બાદ હવે રાજકોટમાં પણ કોરોના કેસના ઝડપથી દર્દીઓ વધી રહ્યાં છે. તાજા અપડેટ પ્રમાણે, રાજકોટમાં આજે કોરોનાના દર્દીઓ વધ્યા છે, રાજકોટમાં કોરોનાના નવા પાંચ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે, આજે બે મહિલા અને ત્રણ પુરૂષનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. જેમાં એક મહિલા દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી વિયેતનામની બતાવવામાં આવી રહી છે. હાલમાં આ તમામ દર્દીઓની તબિયત સ્થિર છે. ખાસ વાત છે કે, ૧૯ મેથી અત્યાર સુધી રાજકોટમાં કોરોનાના ૩૭ કેસો સામે આવી ચૂક્યા છે. રાજકોટમાં હાલ કોરોના ૩૩ એક્ટિવ કેસ છે. આરોગ્ય મંત્રાલયના તાજા આંકડા મુજબ, દેશમાં કોવિડ-૧૯ના એક્ટિવ કેસની સંખ્યા ૩૦૦૦થી ઉપર પહોંચી ગઈ છે, જેમાં કેરળ, મહારાષ્ટ્ર અને દિલ્હી સૌથી વધુ પ્રભાવિત રાજ્યો છે. કેરળમાં ૧,૧૪૭ કેસ નોંધાયા છે, જ્યારે મહારાષ્ટ્રમાં ૪૨૪ કેસ નોંધાયા છે. ૩૦ મેના સવારે ૮ વાગ્યા સુધીના આંકડા મુજબ, દિલ્હીમાં ૨૯૪ અને ગુજરાતમાં ૨૨૩ દર્દીઓ મળી આવ્યા છે. કર્ણાટક અને તમિલનાડુમાં ૧૪૮-૧૪૮ કેસ નોંધાયા છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં ૧૧૬ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭ લોકોના મૃત્યુ પણ થયા છે. આ વર્ષના પ્રથમ પાંચ મહિનામાં મોતનો આંકડો ૨૨ સુધી પહોંચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં બે મોત થયા છે, જ્યારે દિલ્હી, ગુજરાત, કર્ણાટક, પંજાબ અને તમિલનાડુમાં એક-એક મોત થયું છે. કોરોના વાયરસના કેસમાં સતત વધારો અને એક્ટિવ કેસ વધતા હવે એ દિવસો ટૂંક સમયાં દૂર નથી જ્યારે કેસોનો રાફડો ફાટી નીકળશે. છેલ્લા ૩ વર્ષ કરતાં વધુ સમયથી ટાંપીને બેઠેલા કાળમુખા કોરોનાએ એકવાર ફરી ઉથલો માર્યો છે. જેમાં ભરૂચ શહેરમાં કોરોનાનો આજે પ્રથમ કેસ નોંધાયો છે. ભરૂચ શહેરના વેજલપુરમાં પરિણીત મહિલામાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા બાદ તેને ખાનગી હોસ્પિટલમાં ટેસ્ટ કરાવતા કોરોના પોઝિટિવ આવતા હતી. જેથી મહિલાને તાબડતોબ ભરૂચની સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવી હતી.

હાલ તો મહિલાને સિવિલના કોવિડ સ્પેશિયલ આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવી છે. કોરોનાનો પ્રથમ કેસ આવતાની સાથે જિલ્લા આરોગ્યની ટીમ સતર્ક થઈ છે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).